...રકારની

ગવર્નમેન્ટ લેબ... ...ન્ સરકારી ડાકટરે

વેલ **બાદશાહી યાકુતી** અ...ન **વિલાસ**ની ગોળીઓ

કરીને તેમાં કોઈ પણ જાતની નુકસાનકારક ચીજ નથી એવુ

...ટ આપેલ છે. અને એ ઉમદા રાજવંશી દવા અકસીર હોવાથાજ

...ાયતમાં પાસ થયેલા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો

...ા દેશી અને ઇંગ્રેજ ગૃહસ્થો અને મોટા સરકારી અમલદારોમાં

... બહુ વખણાય છે.

બાદશાહી યાકુતી.

(અનંગ વિલાસ.)

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરુષાતન કાયમ રાખે છે. રાજવંશી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધિ મટાડે છે, અને વીર્ય ઘટ્ટ બનાવી ખરું પુરુષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈ પણ જાતની પરેજીની જરૂર નથી. **૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ દશ.**

બાદશાહી ચુનાની લેપ.

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે અને તે નસોને પુરતી ...ાકાત આપે છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ ...ે. ઔંસ એકની ડબીના રૂપીઆ આઠ. તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાકટર કાલિદાસ મોતીરામ, રાજકોટ—કાઠીયાવાડ.

સત્ શ્રીકબીર ઔષધાલયમાં પવિત્ર મહાત્માપ્રેરક બનતી દવાઓ.
જેને માટે અસંખ્ય સર્ટિફિકેટો મળ્યાં છે.

આંખની અકસીર દવા—"ન્યુરેલાઇન"

આ દવા આંજવાથી શીતળતા પેદા થતાં આંખની અંદર ખીલ, તાપોડીયાં, ફુલુ, મોતીયા, છારી, ગરમી, જાંખ વગેરે આવી ગયેલાં હોય, માણસ રતાંધળો હોય તેને માટે અકસીર છે. નાટકો તથા સીનેમેટોગ્રાફના શોખીનો તથા રેલ્વે સરવન્ટો, ટેલીગ્રાફ અને વેપારી લાઇનના દરેક માણસો જેને રાતના ઉજાગરો કરવો પડતો હોય તેઓની તથા વિદ્યાર્થીઓની આંખના રક્ષણ માટે પણ આ દવા ઉત્તમોત્તમ છે. કીંમત શીશી એકનો રૂપીઓ દોઢ.

ખુની હરસ અને દુઃખતા મસા.

અમારી હરસની દવા એક રામબાણ ઇલાજ છે, આ દવા લગાડવાથી જરા પણ બળતરા નહિ થતાં, મસા ગળી જાય છે. એક દિવસ વાપરવાથી તુરત ફાયદો માલુમ પડશે, કીંમત ડબી એક—આઠ દિવસ સુધીનીના રૂપીઆ ચાર.

આ સિવાય ઘોડાઓ માટે તાકાતનો મશાલો, જાનવર માટે જખમનું અકસીર તેલ તથા ઓપરેશન કીધા સિવાય નાસુર, ભગંદર, પાઠુ, ચાંદી, પરમો, પ્રદર, નપુંસકત્વ, ધાતુ ક્ષીણતા, દમ, સસણી, સંગ્રહણી વગેરે દરેક જાતની અકસીર દવાઓ વનસ્પતિની શુદ્ધ રીતે બનાવવામાં આવે છે, એકવાર મુલાકાત લીધાથી સંતોષ અને ખાત્રી થશે.

સત્ શ્રી કબીર ઔષધાલય. નં. ૧૦૩
ગુલાલવાડી—**મુંબઇ.** } **મૂલચન્દ જવેરચન્દ કટારીયા.**

* ગરીબોને મફત દવા આપવામાં આવે છે.

ભીખા કલ્યાણજીની કંપની.

ગાન્ડીવ ઍન્ટી-રુમેટીક બામ.

(એક ઘણોજ અસરકારક અને લાભકારક મલમ)

આ મલમ શરીરે ચોળવાથી સંધીવા જેવો દુઃખદાયક રોગ થોડા સમયમાં નાબુદ થાય છે. પક્ષઘાત, ધુજારી, અને ધનુર્વા સરખા રોગને આ મલમે મટાડ્યા છે, હાથ પગનું રહી જવું, શરીરના કોઈ પણ અવયવ ઉપર એકદમ સોજો ચઢી આવવો, સ્ત્રીઓના કેટલાક ભયંકર રોગો જેવા કે સુવાવડ અને ગર્ભાશયના રોગો થઈ ગયા પછી કમ્મર અને પગ ઝલાઈ જવા તથા શરદીને લીધે શરીરના અવયવોનાં ભયંકર ચિન્હો જેવાં કે જડબુ ઉઘાડું રહી જવું, દાંત ખીલી બેસી જવી, હાથ પગ ખેંચાઈ જવા તથા માથામાં કોઈ પણ પ્રકારથી દુઃખાવો થવો વગેરે જાતનાં તમામ દરદોને આ મલમ તાત્કાલિક રીતે ફાયદો આપી, જ્ઞાનતંતુની નબળાઈ દૂર કરી, અશક્ત શરીરમાં શક્તિ લાવી, ઠંડા પડી ગયેલા શરીરમાં શુદ્ધ ગરમી ઉત્પન્ન કરે છે અને મંદ પડી ગયેલા લોહીને ગતિવાળું બનાવે છે.

આ શોધ એક વિદ્વાન્ અને સુપ્રસિદ્ધ અનુભવી બાહોશ ડાકટરે કરેલી હોવાથી આ મલમ ઘણો જ અકસીર અને ફત્તેહમંદ નિવડ્યો છે.

કીંમત શીશી એકના આના ૮.

બહારકોટ, શેખ મેમણ સ્ટ્રીટ ગણેશવાડીના નાકે, **મુંબઈ.** — **ભીખા કલ્યાણજીની કંપની.**

શ્રી સાબરકાંઠા બૉર્ડિંગ હાઉસ

ખાસ. આબરૂદાર
હિન્દુ ગૃહસ્થો
માટે
જમવાની
ઉમદા-
સગવડ.

ઠે:-મુમ્બાદેવી
પોસ્ટની
પાછળ
મુંબઈ નં૦ ૨.

એક જાહેર ઑફર.

ત્રીજોરીઓ

કેવી હોવી જોઇએ ?

૧. આગમાં બળે નહીં. ૨. ચોરોથી ભાંગે નહીં. ૩. પારકે હાથે ખરી ચાવીથી પણ ઉઘડે નહીં, ત્રીજોરી અખંડ, દરવાજો અખંડ, અને પાછળ પીઠ પણ અખંડ વાળેલી, ઉપરાંત અમે ત્રીજોરીઓને બારે ખુણા અખંડ વાળીને પણ બનાવીએ છીએ. એક વખત જાતે જોઈ તપાસ કરો.

સારૂં કામ સસ્તુ દામ ભાવ માટે કેટલોક મંગાવો.

ફાયર પ્રુફ

ત્રીજોરીઓ, તાળાં, કળો અને
કયાસ બૉકસો

બનાવનારા અને વેચનારા-

એચ, વલ્લભરામ એન્ડ કુાં૦.

કારખાનું—ચકલા સ્ટ્રીટ, ધોબી ગલી—મુંબઈ.

દુકાન—અબદુલ રહેમાન સ્ટ્રીટ, અલાહી બાગ બીલડીંગસ.

મુંબઈ—પોષ્ટ નં૦ ૩.

ભીખા કલ્યાણજીની કું૦ નું.

તાવનું અકસીર મિક્ષ્ચર.

આ મિક્ષ્ચર ટાઢીઆ, આંતરીઆ, મેલેરીઅલ અને ખરાબ ઋતુમાં ફાટી નીકળતા સર્વે જાતના ઝેરી તાવ ઉપર રામબાણ અસર કરે છે, કારણ કે તે નાશકારક જંતુઓને નાબુદ કરવામાં આબાદ છે. આ મિક્ષ્ચરના ત્રણ ભાગ લેવાથી એકજ દિવસમાં ગમે તેવો તાવ નાબુદ થઈ જાય છે, બીજી કેટલીક તાવની દવાથી તાવ એકદમ કાઢયા પછી માણસના શરીરમાં ઘણીજ અશક્તિ અને સુસ્તી આવી જાય છે, પણ આ દવાથી એવું કશું ખરાબ પરિણામ આવતું નથી એ તેની ઉત્તમ ખુબી છે.

તાવ નીકળી ગયા પછી એક અથવા બે વધુ વખત લખેલા ભાગથી અર્ધો ભાગ લેવાથી તાવનો સમુળગો નાશ થશે અને પાછો આવશે નહીં. વધુ વિગત માટે પ્રાઈસલિસ્ટ જુઓ.

બાટલી ૧ ની કીંમત આના બાર.

બહારકોટ, શેખ મેમણ સ્ટ્રીટ ગણેશવાડીના નાકે,—મુંબઈ. } **ભીખા કલ્યાણજીની કંપની.**
જથાબંધ તથા પરચુરણ દવા વેચનાર.

ભૂમિકા.

હિંદના ઐતિહાસિક વીરત્વ અને ભારત મહિલાઓના પુનિત પાતિવ્રત્ય વગેરેના નીતિમય પવિત્ર પ્રસંગો રંગભૂમિપર યથામતિ રજુ કરી, આર્ય નાટ્યનીતિનું અદ્યાપિ પર્યંત યથાશક્તિ મેં પાલન કર્યું છે; અને તેમ કરવામાં પરમ કૃપાળુ પરમાત્માએ, મ્હને જે સાનુકૂલતાઓ પ્રાપ્ત કરાવી છે તથા પ્રેક્ષક વર્ગે મારા તે પ્રયાસને પ્રેમપૂર્વક વધાવી લઈ મારામાં જે નવો પ્રોત્સાહ પ્રેર્યો છે તે માટે હું તેમનો અનેક રીતે ઋણી છું.

જમાનાની સાથે નાટક કંપનીઓની શૈલીમાં જરૂરી ફેરફારો થવા જોઇએ, તદનુસાર મોરબી કંપની પણ પ્રાચીન ઉન્નત આર્યભાવનાઓ સાથેના લોકશિક્ષણની પોતાની ચાલુ નીતિનું રક્ષણ કરવા ઉપરાંત તેમાં અવનવા આવશ્યક રંગો પૂરી પ્રેક્ષકોની જરૂરીઆતો પૂરી પાડવા ઉત્સુક છે. અને તે ન્યાયે તેણે આ નાટકદ્વારા જનસમાજના હૃદયને વારંવાર દોલાયમાન કરી મુઝવણીમાં નાંખનારા “ભાવી અને પુરુષાર્થ”ના પ્રશ્નનું શક્ય નિરૂપણ કરવાને અલ્પ પ્રયત્ન આદર્યો છે.

જીવનમાં આવી પડતી અનેક આકસ્મિક વા નિરંતર આપત્તિઓ પ્રસંગે સાધારણ બુદ્ધિના મનુષ્યો ઘણી વખત હતાશ થઈ જાય છે અને કોઇ વખતે તેઓ પ્રભુના ન્યાયમાં અન્યાય જુએ છે, આવા મનુષ્યો પુરુષાર્થ અને ભાવિના સિદ્ધાન્તને બરોબર સમજતા હોતા નથી; અનેક સત્પુરુષાર્થો અને પુરુષ પ્રયત્ન છતાં મનુષ્ય પોતાનું ધાર્યું કાર્ય કરી શકતો નથી અને એથી વિપરીત પરિણામ જુએ છે, ત્યારે તે સર્વ રીતે મુઝાય છે. એવાં સંતપ્ત હૃદયોના સમાધાનને માટે એ જાણવું અગત્યનું થઈ પડશે કે, આ જન્મના પુરુષાર્થો ગમે તેવા ઉત્તમ અને પ્રબળ હોય તથાપિ પૂર્વ જન્મનાં કરેલાં કર્મોના પ્રભાવે તેમના પુરુષાર્થો ક્વચિત નિષ્ફળ નિવડે છે તેનું કારણ પૂર્વ જન્મના પુરુષાર્થો જેને શાસ્ત્રકારો ભાવી કહે છે. તે જ છે.

આ નાટકનાં મુખ્ય પાત્ર જયદ્રથ, પાંડવોપર પરાક્રમી વિજય મેળવવા ઘોર તપ આદરે છે અને હેમલતા વિદુષી હોઇ સ્નેહલગ્ન માટે તલસ્યા કરે છે, પરંતુ ઉભયના પૂર્વ જન્મના પુરુષાર્થો અર્થાત્ ભાવી વક્ર હોવાથી તેમાં તેમને નિષ્ફળતા પ્રાપ્ત થાય છે એટલે કે તેમના ભાવિમાં જે નિર્માણ હતું તેજ થાય છે. પૂર્વ જન્મ અથવા પુનર્જન્મને નહિ માનનારાઓને આ નાટકપરથી એ બોધ મળી શકશે કે, अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाऽशुभम् । માટે વર્તમાન આપત્તિઓ એ પૂર્વ જન્મનાં કરેલાં કર્મોનાં ફળ સમજી તેપરથી ધડો લઇને પુનર્જન્મનું ભાવી શુભ બાંધવા માટે મનુષ્યે સત્પુરુષાર્થ કરવો જોઇએ એ વાત થોડે અંશે પણ આ નાટકથી સમજાશે તો હું મારો શ્રમ તથા વ્યય સફળ થયો સમજીશ.

પાશ્ચાત્ય સંસ્કૃતિ અને જાગૃતિને પરિણામે આપણે ત્યાં સ્ત્રીઓની મહત્તા અને ઉપયોગિતાનો પ્રશ્ન આજકાલ જનસમાજમાં જોર શોરથી ચર્ચાય છે, આવે પ્રસંગે પ્રાચીન આર્ય સંસ્કૃતિનો ઉન્નત આદર્શ તથા આર્ય પ્રજાની સ્ત્રીઓ સંબંધી ઉચ્ચ ભાવના પ્રેક્ષકો સમક્ષ રજુ કરવી એ મ્હારૂં કર્ત્તવ્ય માનું છું; એથી આ નાટકમાં મેં દ્રૌપદી, સુભદ્રા અને ઉત્તરા આદિ ઉત્કૃષ્ટ સ્ત્રીપાત્રોદ્વારા એ બતાવવા પ્રયત્ન કર્યો છે કે, પ્રાચીન કાળમાં આર્ય વીરાંગનાઓ સંસારના વિકટમાં વિકટ પ્રશ્ન પ્રસંગે પોતાના પતિઓને અનેક રીતે ઉપયોગી થઈ પડતી એટલું જ નહિ પરંતુ તે પ્રસંગે આર્ય સંસારમાં સ્ત્રીજાતિનો દરજ્જો સર્વોત્કૃષ્ટ ગણાતો હતો.

આપણા પંચમ્ વેદ તુલ્ય ગણાતા પવિત્ર મહાભારતમાંથી આ નાટકની વસ્તુ પસંદ કરવામાં આવી છે. મોરબી નાટક કંપનીદ્વારા ભવિષ્યમાં પણ અનેક જાણીતા વિદ્વાનોની સહાયતાથી ઉત્તરોત્તર નવીન અને લોકોપયોગી નાટકો જનસમાજ સમક્ષ રજુ કરવાને પ્રભુ મને સામર્થ્ય આપે.

આષાઢ શુદ ૫ મી
સંવત્ ૧૯૭૨
મુંબઇ.

મૂલજી આશારામ ઓઝા.

॥ શ્રીગણેશાય નમઃ ॥

ભાવિ પ્રાબલ્ય

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

મંગળાચરણઃ—સૂત્રધાર અને નટી વચ્ચે પુરુષાર્થ અને ભાવિ સંબંધી વિવેચન.

પ્રવેશ ૧ લો:—કામ્યકવન. વનવાસના બારમે વર્ષે કામ્યકવનમાં આવી રહેલા પાંડવોને ત્યાં, દુર્યોધનના સમજાવાથી દુર્વાસાનું ભોજનનો સમય વીતાવી એક હજાર શિષ્યો સહિત અતિથિ થવું. અક્ષય પાત્ર ધોઈ નાખવાથી વિમાસણમાં પડેલાં દ્રૌપદીનું દુર્વાસાના ભયથી ચિંતાગ્રસ્ત થઈ શ્રીકૃષ્ણની આરાધના. દ્વારિકામાં પોઢેલા શ્રીકૃષ્ણનું સતીની વિપત્તિ જાણી નિદ્રામાંથી જાગી ઉઠવું અને ત્યાં જઈ તેનું સાન્ત્વન કરવું; અક્ષય પાત્રપર ચોટેલું ભાજીનું પાંદડું પ્રાશન કરી વિશ્વને તૃપ્ત કરવું.

પ્રવેશ ૨ જો:—જયદ્રથના અંતઃપુરનું ઉદ્યાન. સમવયની દાસીઓની શૃંગારિક ચેષ્ટાઓ, ત્યાં જયદ્રથનું આવવું અને વિકારી દૃષ્ટિથી દાસીઓ સાથે વાર્તાલાપ, છુપાઇને મહારાણી દુઃશીલાનું સાંભળવું, પતિની સ્નિગ્ધ દૃષ્ટિ જોઈ પ્રત્યક્ષ થવાથી સહુનું સ્તબ્ધ થવું.

ટેબ્લો.

પ્રવેશ ૩ જો:—સરિતાતટ. સ્નાન સંધ્યા કરી પરવારેલા દુર્વાસાને, શ્રીકૃષ્ણના મોકલવાથી સહદેવ, નકુલનું જમવા માટે બોલાવવા આવવું, શ્રીકૃષ્ણના પ્રભાવથી ક્ષુધા શાન્ત થવાથી ઓડકારપર ઓડકાર ખાતા બ્રાહ્મણોનું નાશી છુટવું.

પ્રવેશ ૪ થો:—દુ:શીલાનું અંત:પુર. ઉદ્યાનમાં મહારાજની દૃષ્ટિએ પડેલી શોભનાને દુ:શીલાએ ઠપકો આપવો, જયદ્રથનુ આગમન, શાલ્વ રાજાની પુત્રીને પરણવા જવાની પોતાની ઇચ્છા દર્શાવવી, પતિનું મન ચલિત જોઈ દુ:શીલાએ શોભનાને હેમલતાનુ મન ફેરવવા શાલ્વ નગર મોકલવી.

પ્રવેશ ૫ મો:—હેમલતાનું રાજભુવન. આશા સાગરમાં તણાતી હેમલતાનું શોભનાએ મન ફેરવવાથી જયદ્રથ પ્રત્યે ઉદાસ થવું, તથા એવા શઠ પતિને નહિ પરણવાનો નિશ્ચય કરવો.

પ્રવેશ ૬ ઠ્ઠો:—કોટિકાસ્યનું ઘર. તેના ગૃહ સંસારનું ચિત્ર.

પ્રવેશ ૭ મો:—કામ્યકવન. શાલ્વ નગર પરણવા જતા જયદ્રથનું કામ્યકવનમાં દ્રૌપદીને જોઈ મોહાસક્ત થવું, પાંડવો મૃગયા કરવા ગયા છે એ લાગ જોઈ દ્રૌપદીનું હરણ કરી પોતાના નગર તરફ નાશી જવું.

પ્રવેશ ૮ મો:—પતિવ્રતા ગાન્ધારીનો રાજમહેલ. (ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી તેમનાં પત્ની ગાન્ધારી દેખતાં છતાં, આંખે પાટા બાંધી અંધ રહેતાં જેથી અન્ય પુરુષ દૃષ્ટિએ ન પડે એવાં એ મહાન્ પતિવ્રતા હતાં) દુ:શીલાનું રીસાઈ પીયર આવવું, માતાનો પુત્રીને પા[illegible] પ્રત્યેનો સદુપદેશ, ભોજાઇએ કરેલું સાન્ત્વન; દુર્યોધન તથા શકુનિએ આવી જયદ્રથે કરેલા દ્રૌપદીહરણની વાત કરવી, દુ:શીલાનું ચિંતાગ્રસ્ત થવું અને પોતાને ઘેર પાછા જવાના વિચારો જણાવવા.

પ્રવેશ ૯ મો:—જંગલ. દ્રૌપદીને લઈ નાશી જતા જયદ્રથને પાંડવોએ પકડી પાડી દાસ બનાવવો, દ્રૌપદીએ માત્ર નણંદના સૌભાગ્યને ખાતર તેને બંધન મુક્ત કરવો; દુષ્ટ જયદ્રથની છાયા પડવાથી દોષમુક્ત થવા દ્રૌપદીએ અગ્નિને પ્રદીપ્ત કરી તેમાં પ્રવેશ કરી દોષમુક્ત થવું, સર્વેનું આશ્ચર્ય થવું.

ટેબ્લો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો:—નિર્જનવન. પાંડવોનું અપમાન ખમેલા જયદ્રથનો પશ્ચાત્તાપ, કોટિકાસ્યનું આવવું, બંને વચ્ચે અન્યોક્તિમાં હાસ્યજનક ગઈ ગુજરી વાતનો વિનોદ. જયદ્રથનો પાંડવોનો પરાજય કરવા માટે તપ કરવાનો નિશ્ચય, કોટિકાસ્યનું જયદ્રથ બની શાલ્વ નગર હેમલતાને પરણવા જવું.

પ્રવેશ ૨ જો:—હેમલતાનું ભુવન. જયદ્રથની બદલીમાં કોટિકાસ્યનું શાલ્વનગર આવવું, હેમલતાનું પોતાની બદલીમાં દાસી તરલાને પરણાવવાની યુક્તિ કરી અદૃશ્ય થવું.

પ્રવેશ ૩ જો:—જંગલ. તપ કરતા જયદ્રથ પાસે પોતાને ઘેર જતી દુ:શીલાનું આગમન, અરસપરસ ઓળખાણ; જયદ્રથનું પુનઃ તપમાં આરૂઢ થવું અને દુ:શીલાએ હસ્તિનાપુર પાછા જવું.

પ્રવેશ ૪ થો:—નિર્જનવન. હેમલતાનું જંગલમાં ભટકતાં એક વૃક્ષ નીચે નિદ્રાવસ્થિત થવું. સ્વપ્નમાં વિધાત્રીએ કરેલું ભાવિ સૂચન. અરણ્યમાં ફરતા એક બાવાએ તેને નિદ્રાવશ ઉપાડી ચાલ્યા જવું.

પ્રવેશ ૫ મો:—જયદ્રથનો આશ્રમ. હેમલતા જાગૃત થયા પછી બાવાની ઉપકાર બદલ અયોગ્ય માગણી, અરસપરસ વાદ વિવાદથી જયદ્રથનું સમાધિમાંથી જાગ્રત થવું, તેને જોઈ બાવાનું નાશી છુટવું. હેમલતાનું જયદ્રથપર મોહાસકત થવું. અને રાત્રિને વિષે પર્ણકુટીમાં રહેવાની માગણી, જયદ્રથે હા પાડી સાવચેત રહેવાની ભલામણ કરવી.

પ્રવેશ ૬ ઠ્ઠો:—કોટિકાસ્યનું ઘર. તરલા અને કોટિકાસ્ય, હાસ્ય જનક ભેદ ખુલવો, ઠગને ઘેર ઠગ મેહમાન, બંને ભાવિને આધીન.

પ્રવેશ ૭ મો:—જયદ્રથનો આશ્રમ. ક્ષણિક સ્ત્રીના સમાગમથી કામવશ થએલા જયદ્રથે પર્ણકુટી પાસે આવી હેમલતાને નિદ્રામાંથી જાગ્રત કરવી, હેમલતાનો સદુપદેશ, જયદ્રથે પોતાના કૃત્ય માટે પશ્ચાત્તાપ કરી પાછા તપમાં આરૂઢ થવું, દુ:શીલાનું આગમન, એક બીજાની અરસપરસ ઓળખાણ.

પ્રવેશ ૮ મો:—વિરાટ નગર. ઉત્તરા અને અભિમન્યુનાં લગ્ન, બંનેનું પ્રેમમીલન.

પ્રવેશ ૯ મો:—જયદ્રથનું સમાધિસ્થાન. તપ કરતા જયદ્રથને મહાદેવ પાર્વતીનું વરપ્રદાન, દુ:શીલા તથા હેમલતાનું આવવું, દુ:શીલાએ કરેલો જયદ્રથ ને હેમલતાનો હસ્તમીલાપ.

પ્રવેશ ૧૦ મો:—વિરાટ નગરમાં લગ્નમંડપ. પાંડવોને રાજ્ય અપાવવા સગા સંબંધીઓના વિચાર, શ્રીકૃષ્ણે વષ્ટિ લેઈ હસ્તિનાપુર જવાનો નિશ્ચય.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો:—આશ્રમ. પોતાના પુત્ર જયદ્રથનું ભાવિ સુધારવા વાનપ્રસ્થ થએલા વૃદ્ધ ક્ષત્ર રાજાએ તપ કરી જયદ્રથનું માથું જેના હાથથી પૃથ્વીપર પડે તેના માથાના પણ ચૂરેચૂરા થઈ જાય એવો વરપ્રદાન મેળવવો. મહાભારતના યુદ્ધમાં જવા તૈયાર થએલા જયદ્રથે આવી પિતાની આજ્ઞા માગવી, ભાવિ સૂચન અને શુભાશિષ.

પ્રવેશ ૨ જો:—પાંડવોની છાવણી. ભીષ્મ પડ્યા પછી દ્રોણની વ્યૂહ રચના, સર્વેનો ગભરાટ, યુધિષ્ઠિરને મુશ્કેલીમાં આવી પડેલા જોઈ અભિમન્યુનું ચક્રવ્યૂહને તોડવાનું બીડુ ઝડપવું.

પ્રવેશ ૩ જો:—કૌરવોની છાવણી. દુર્યોધનને તેની રાણી ભાનુમતીની સંધિ કરવાની શિખામણ, જયદ્રથનું ચક્રવ્યૂહમાં મોખરે આધિપત્ય.

પ્રવેશ ૪ થો:—પાંડવોની છાવણી. ઉત્તરાનું આગમન, તેના મુગ્ધમનો વિકારનું અભિમન્યુએ કરેલું સાન્ત્વન, યુદ્ધપ્રયાણ.

પ્રવેશ ૫ મો:—રણક્ષેત્ર. ચક્રવ્યૂહમાં વીર અભિમન્યુનો પ્રવેશ, તેનું ૭ મહારથીઓથી પતન.

પ્રવેશ ૬ ઠ્ઠો:—પાંડવોની છાવણી. અભિમન્યુના મરણથી પાંડવોનો શોક, શ્રીકૃષ્ણનું સાન્ત્વન, અર્જુનની સૂર્યાસ્ત પહેલાં જયદ્રથને મારવાની ભીષણ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૭ મો:—જયદ્રથની છાવણી. અર્જુનની પ્રતિજ્ઞા સાંભળી ભયભીત બનેલા જયદ્રથનો રણક્ષેત્ર છોડી નાશી જવાનો સંકેત,

દુર્યોધનનું આગમન. રાણીઓએ ઉત્સાહ આપી બળાત્કારે રણ-ક્ષેત્રમાં મોકલવો.

પ્રવેશ ૮ મો:—રણક્ષેત્ર. સૂર્યાસ્ત થવાને થોડીવાર હોવાથી ગભરાટમાં પડેલા અર્જુનની શ્રીકૃષ્ણને વિનતિ, ગ્રહણ પ્રયોગ. સૂર્યાસ્ત માની હર્ષ ભેર બહાર નીકળેલા જયદ્રથનું અર્જુને મસ્તક ઉડાવી, સૂર્યને અર્ધ્ય આપતા વૃદ્ધ ક્ષત્ર રાજાના હસ્તમાં મૂકવું, મસ્તક પૃથ્વી પર પડતાં તેના મસ્તકના પણ ચૂરેચૂરા થવા, ભાવિનું પ્રાબલ્ય, વીર યોદ્ધાઓની સદ્ગતિ, અભિમન્યુ તથા જયદ્રથનું દેવસ્વરૂપે રાગદ્વેષરહિત વિમાનમાં બેસી સ્વર્ગગમન.

ભાવિ પ્રાબલ્ય દર્શાવતા વૃદ્ધ ક્ષત્ર રાજાનું સ્વર્ગગમન.

મુખ્ય પાત્રો.

શ્રીકૃષ્ણ–પાંડવોના સહાયક, મહાભારતના યુદ્ધના નેતા, સોળ કળા-યુક્ત ઈશ્વરી અવતાર.

યુધિષ્ઠિર–
અર્જુન–
ભીમસેન– —પાંચ પાંડવો.
સહદેવ–
નકુલ–

અભિમન્યુ–અર્જુનનો પુત્ર.

દ્રુપદ–પંચાલ દેશનો રાજા, દ્રૌપદીનો પિતા.

વિરાટ–વિરાટ દેશનો રાજા, ઉત્તરાનો પિતા.

ધૃષ્ટદ્યુમ્ન–દ્રૌપદીનો ભાઈ.

જયદ્રથ–સિંધુ દેશનો રાજા. વૃદ્ધ ક્ષત્ર રાજાનો પુત્ર. દુર્યોધનનો બનેવી.

દુર્યોધન–હસ્તિનાપુરનો પાટવી.

લક્ષ્મણ–દુર્યોધનનો પુત્ર.

દુઃશાસન–દુર્યોધનનો ભાઈ.

કાળકેતુ–દુઃશાસનનો પુત્ર.

દ્રોણ–કૌરવને ધનુર્વિદ્યા શીખવનાર આચાર્ય.

અશ્વત્થામા–દ્રોણના પુત્ર.

કર્ણ–કૌરવોનો મહાન્ યોદ્ધો.

વૃદ્ધક્ષત્ર–જયદ્રથનો પિતા.

શકુનિ–દુર્યોધનનો મામો.

કૃપાચાર્ય–પાંડવ, કૌરવના આચાર્ય.
દુર્વાસા–ઉગ્ર તપેશ્રી.
કોટિકાસ્ય–જયદ્રથના અંતઃપુરનો રક્ષક.
ધૌમ્ય–પાંડવોના પુરોહિત.

સ્ત્રી પાત્રો.

દ્રૌપદી–દ્રુપદ રાજાનાં પુત્રી, પાંચ પાંડવોનાં પત્ની.
સુભદ્રા–શ્રીકૃષ્ણના બ્હેન, અર્જુનનાં પત્ની.
ઉત્તરા–વિરાટ રાજાનાં પુત્રી, અભિમન્યુનાં પત્ની.
ગાન્ધારી–દુર્યોધનનાં માતા, ધૃતરાષ્ટ્ર રાજાનાં પત્ની.
દુઃશીલા–દુર્યોધનનાં બ્હેન, જયદ્રથનાં રાણી.
ભાનુમતી–દુર્યોધનનાં રાણી.
હેમલતા–શાલ્વ રાજાનાં પુત્રી, જયદ્રથનાં નવાં રાણી.
શોભના–દુઃશીલાની વિશ્વાસુ દાસી,
તરલા–હેમલતાની વિશ્વાસુ દાસી, પાછળથી કોટિકાસ્યની નવી સ્ત્રી.
તરંગિની–કોટિકાસ્યની સ્ત્રી.

તે સિવાય–શિષ્યો, મિત્ર, અનુચરો, સિપાહીઓ, પરિચારિકાઓ વગેરે વગેરે.

॥ શ્રીગણેશાય નમઃ ॥

ભાવિ પ્રાબલ્ય નાટકનાં ગાયનો.

મંગલાચરણ.

સૂત્રધાર—

કરું નમન મહેશ્વર! વાર વાર,
શિવ શક્તિ વ્યાપક ઠાર ઠાર—કરું.
રચના ભિન્નભિન્ન, રચી અવિચ્છિન્ન,
માયા મમતા માર માર—કરું.
અકળ કળા અવિનાશી તારી,
જેનો નાવે પાર પાર—કરું.
જગત્ રૂપી નાટકમાં આ નાટક,
સૂત્રધાર કિર્તાર! તાર—કરું.

સૂત્રધાર— ૨

ભાવિને કોઈ નવ પહોંચે, ભલે પુરુષાર્થને કોચે—ભાવિને.
પુરૂષાર્થમાં રાખે ન ખામી, બળ બધું ઉલેચે,
ભયંકર શસ્ત્ર અસ્ત્ર સજીને, વિમાનમાં ચડે ઉંચે;
નીચે પડતા શોચે—ભાવિને.
વશ કર્યાં વરૂણ વાયુ વીજળી, વિજ્ઞાન વિદ્યા મથી,
તદપિ अवश्यं भाविनो भावा भवन्ति महतामपि;
ભલે ચડે છેક ટોચે—ભાવિને.

નટી— ૩

આપ કહો છો જેને ભાવી, પ્રભુ ! આપ કહો છો જેને ભાવી;
પૂર્વ કર્મના અદૃષ્ટ ફળની, એજ એકજ છે ચાવી–પ્રભુ !
કર્મ પ્રમાણે વેગ બુદ્ધિનો, શુભ અશુભ મૂકે બારી;
એ કારણથી સર્વ મનુષ્યો, પુરુષાર્થમાં જાય હારી–પ્રભુ !
સુખ ઇચ્છીને સર્વ પ્રાણીઓ, બીજ યત્ન દે વાવી;
સફળ અફળ વા વિષ અમૃતમય, તેને દે છે કોણ બનાવી–પ્રભુ !

દ્રૌપદી— ૪

તમે નટવર ! હૃદયે વસજોરે દ્રૌપદીના વિરામ,
દીન આ દ્રૌપદીના વિરામ (૨)
ભવરણમાં અમે ભૂલાં પડ્યાં પ્રભુ! ભટકી ભટકી જીવ જાય;
ઘર બળ્યા અમે વન વરયાં ત્યારે, વનમાં લાગી લાહ્યરે–દ્રૌપદીના.
બેલી કહું કે બંધુ કહું મારે, સાચા છો યદુનાથ !
ભવસાગરે મમ સૂની નૌકાના, સુકાની રહેજો સાથરે–દ્રૌપદીના.

પાંડવો— ૫

તમને દુઃખની વાત અમારી માધવ ! શું કહીયેરે
અમને સાચી ઓથ તમારી–માધવ !
દ્રૌપદી—માધવ ! કહેતાં દુઃખની વાત, મારૂં હૈયું નવ રહે હાથ;
અમારા બેલી છો જગનાથ !–માધવ !
ભરી સભામાં ચીર ખેંચ્યાં, જોતાં પંચ ભરથાર;
રોતી કકળતી અબળા વ્હારે, આવ્યા શ્રીગોપાળ–માધવ !
પાંડવો—બાર વર્ષ વનવાસ ભોગવ્યો, રહ્યો ગુપ્ત નિવાસ;
તે પણ તરશું સાહ્યે તમારી, અંતરમાં અવિનાશ–માધવ !

શ્રીકૃષ્ણ—પૂર્વ સંબંધે આવી મળે જે, કર્યું વિધિએ નિર્માણ,
હું તમથી જુદો નથી, છો પાંડવ મારા પ્રાણ;
ધીરજ ધરીને રહીયેરે—તમને.

પરિચારિકાઓ— ૬

વ્હાલી લાગે વ્હાલા કેરી વાટરે,
એવું જાણી વ્હાલમ! વ્હેલા આવજોરે.
મીઠી લાગે સલુણાની વાતરે—એવું.
પવન લ્હેરથી વેલીઓ, કેવી આ લચકાય;
પણ પતિ વિરહે હૃદયમુજ, આકુળવ્યાકુળ થાય.
કેવા હોંસે રમે, નરનારીઓરે,
કેશર જળથી ભરી પીચકારીઓરે—એવું.
વાવલીયા વૈશાખના, ઉંના ઉંના અતિ વાય;
વસમા દિને વર્ષાતણા, પિયુથી પલટી જાય.
ગાજે ઘનને નાચે કુદે મોરલારે,
રમે સરોવરમાં કેવાં સારસ જોડલાંરે;
વિરહી હૈયાં શીતલ સમીરે કોરાયજો,
જળમાં પોયણીની પાંખો ઠરી જાયજો.—એવું.

પરિચારિકાઓ— ૭

તમે અમમાં અધિક શું જોયુંરે, ચતુર શિરોમણિ રાજ!
અમારા ચતુર શિરોમણિરાજ!
ખીલતી વયની મુગ્ધા આગળ, પ્રૌઢા ઝાંખી જણાય;
જોબન જાતાં વાર ન લાગે, જેમ ઋતુ બદલાય—અમારા.

પારસ સમ મહારાણી અમારાં, દાસી જાણો કથીર;
ભલે સુંવાળું હોય કદી પણ, સુતર થાય ન હીર–અમારા
જોબનથી તમે જોતા હશો ભલે, અમમાં હાલ પ્રકાશ;
પણ ખીલેલું પુષ્પ રહે શું, સુંદર બારે માસ.–અમારા.

શોભના— ૮

રાજાજી! નોકર અમે રણવાસનાં,
નથી અંગવસ્ત્રો ભૂપતિ વિલાસનાં.–રાજાજી!

જયદ્રથ–છો દાસી તમે મીઠા મન્મથને મનાવવા,
રાણીની લ્હાણ દેવા હું આવ્યો છું મણાવવા;

શોભના—ઓ રાજ! શું સમજી, આવું બોલો પ્રકાશમાં.–રાજાજી!

જયદ્રથ—પેખી સુંદર ફુલ કળી કોમળ, મધુકર મોહ્યો આશે,
રસનો ભોગી રસ ચાખ્યા વિણ, આશા ભંગ કેમ જાશે?

શોભના—..........ઓ...રાણી આવ્યાં!!

જયદ્રથ—...........ના...નથી આવ્યાં;

શોભના—રાજવી! કંઇ લાજો, મુંગા જાઓ અવાસમાં.–રાજાજી!

દુઃશીલા— ૯

કંઠે કર નાંખી હીંડોળે હીંચતા,
હસતાં રમતાં જમતાં અમૃતરસ ઝીલતાં.
સુંદર પંખો હર્ષભેર હું ઢોળતી,
પ્રિય સેવાના કોડ પૂરવા ખોળતી.
સુગંધમય ફુલપાંખડીઓપર પોઢતાં,
દીપકથી ત્યાં વદન રુડાં બેનાં ઓપતાં.

પ્રેમદીપ તેમાં બન્ને પ્રકટાવતાં,
સર્વ સ્થળ રસાળ પ્રેમથકી ભાળતાં.
કોઈ વેળા બેસી બેય અગાશી,
ચકોર સમ પીતાં ચંદ્રામૃત પ્યાસી.
એવા સુખના દિવસો પ્રિયતમ! વહી ગયા,
વહી જશે તેમ વિયોગના દિન દોહ્યલા.

શોભના— ૧૦

જગત્ નિત્ય નૂતન જોશો તો! જગત્ નિત્ય નૂતન;
ફસ્યાં મોહમાં જન.—જોશો તો!
જાય તેવા નવ આવે દિવસો, અચળ નહિ યૌવન;
દુનિયા દેખે તેવાં શીખે, અવનવાં વર્તન.—જોશો તો!
પરાધીનતા જોવી હોય તો, જઈ જુઓ રાજભુવન;
દંભ ડોળ જો જોવા હોય તો, જઇ જુઓ ધર્માસન;—જોશો તો!
વ્યભિચાર જો જોવા હોય તો, જઈ જુઓ પનઘટ નયન;
કુળવાન જો જોવા હોય તો, જઈ સુણો કન્યાકથન.—જોશો તો!
દુઃશીલા-સર્વ સાર શોધી વળી, જેવું હતું તુજ મન;
પણ જગતમાં હોય નહિ, એકસરખું વર્તન.—જોશો તો!

હેમલતા— ૧૧

રે... કોઈ આવો બતાવો, આ ભેદને ભણાવો,
દીન બાળાના પ્રશ્નને સમાવો;
અંતર ઉઘાડવાનાં ઠામ ને ઠેકાણાં કોઈ,
સહચરીઓ સ્નેહથી સમજાવો (૩)—રે...

મનને મનમાં મુંઝાઈ મરું, કોઈ લાયક રાજવી શોધતી;
હૃદયે નવ આ મને રુચતા, નથી અંતરમાં શાન્તિ થતી.
મમ હૃદયમંદિરે દેવસમ, આત્મમણિ કેવા હશે ?
કહો જોતાં શું મનડું લોભાવશે !
અંતર ઉંડું ઉભરાવશે (૨)– રે...

હેમલતા— ૧૨

રમતીતી (૨) વિશ્વબાગમાં, મન કલ્પીત સ્વામી મનાવતી;
ફરતીતી (૨) પુષ્પપરાગમાં, ભ્રમર ભ્રમણ નિહાળતી.
ગૌરી મટી મુગ્ધા બની, સૃષ્ટિ અનેરી નિરખતી;
મુગ્ધભાવ જગાવતી, કંઈ કંઈ મનોરથ બાંધતી.—રમતીતી.
આવી અચાનક વાદળી, વિભ્રમ વિષમ વર્ષાવતી;
અર્પું હૃદય કે ના હજું, હીંચોળે ચિત્ત હીંચાવતી.—રમતીતી.

સખીઓ— ૧૩

કુળવંતી ! તું તો પરણ્યા પહેલાં, પિયુપર કરતી રોષરે,
રાજપુત્રી ! આ તારો છે, સ્વતંત્રતાનો દોષરે;
ઘેર બેઠાં મન માન્યું મળે તો, કોણ જાય દૂર કોષરે...થા માં ઘેલી.
કુળવંતી !

સહુ ઇચ્છે મનનું માન્યું, કહે તેવું કોણજ પામ્યું ?
કર્મસંજોગે જે મળ્યા, માન તેમાં સંતોષરે...કામ કેલી...
કુળવંતી !

માતપિતા જેથી પરણાવે, સુશીલ પુત્રી સ્વર્ગ બીછાવે,
પોતામાં જો હોય કળા તો, રંગે રમે ભરી પોષરે...રંગ રેલી...
કુળવંતી !

મનનું ધાર્યું થાતું હોય, તો પછી બીજું શું જોય,
ભાગ્ય કોઇનું નવ પલટાયે, જોશી જુવે ભલે જોષરે...
સુણ હેલી...કુળવંતી !

મિત્ર— ૧૪

સુખદુ:ખની દેનારી, અજબ ઘડી છે નારી;
પુરૂષ જાય કંટાળી, તોય ગમે પ્રાણ પ્યારી (૩)-સુખ.

ઘડીકમાં એ ધંધ મચાવે, ઘડીક હસી દે તાળી;
ઘડીકમાં ખાંતે ખવરાવે, ઘડીક ગાળાગાળી...તોય (૩)-સુખ.

રામા રમાડવી સ્હેલ છે, વિફરી મહા મુસ્કેલ;
સંસાર ધુંસરે જોડતી, જેમ ગાડીનો બેલ.

રોતી કહેતી સર્વે લેતી, હઠમાં નહિ હઠનારી;
ખોટું બોલવું એ તો જાણે બતાવતી હુંશિયારી...તોય (૩)-સુખ.

ભોરૂ ઘરમાં જ્યાં ત્યાં ડરતી શીયળે શૂરી ભાળી;
અવગુણમાં એક ગુણ રહ્યો છે, પુરૂષને પોષનારી...તોય (૩)-સુખ.

જયદ્રથ— ૧૫

સુંદરી! માનું ભાગ્ય હું મારૂં, થયું દર્શન આજ તમારૂં,
ચંદ્ર ઉતર્યો જાણે ભૂતળે, કે સૂર્ય કિરણ વદને ઝળહળે;
અથવા અપ્સરા ઇન્દ્રની ચારૂ-થયું.

થયો મેહમાન માનિની! તમારો, આપો આદર માની પાડમારો;
દીસો છો દેવી! બહુ લજ્જાળુ-થયું.

દ્રૌપદી— ૧૬

તુજ વાણી મેં તો જાણી, નથી મેહમાનની એંધાણી,
નવ હોય અતિથિ રીત આવી, ધૂર્ત વિદ્યા તેં બતાવી;
તુંથી છું ભાઈ! અજાણી–નથી.

ભાર બોજ મેહમાન સંભાળે, તો તો આદર ઉત્તમ ભાળે,
મેહમાન જેવી મેહમાની, લાયકને મળે મીજબાની;
નથી તેવી તારી વાણી–નથી.

મેહમાન થાવું છે ઓશીયાળું, માન પામે હોય વિવેકવાળું:
કદી થયો અતિથિ ક્યાંઈ, કે આવ્યો પ્રથમ જ આંહી?
જો જો અક્કલ બધી વેરાણી!–નથી.

ભાનુમતી— ૧૭

સૌભાગ્ય કેરી શ્રેષ્ઠતા, કાન્તા થકી અંકાય છે;
પતિએ તજી હોય તો પણ, સૌભાગ્યને ચહાય છે.
છતાં સર્વદા કામી નર તો, અવરમાં લલચાય છે;
માનિની બીચારી અંતે, **સહનશીલ** તો થાય છે.
લગ્નની મજબૂત ગાંઠે, બાળા તો બંધાય છે;
ભલો ભુંડો હોય તો પણ, સૌભાગ્યને ચહાય છે.

દુ:શીલા—રીસાવું મનાવું એ પણ, પ્રેમનો પ્રકાર છે,
વિયોગ સંયોગ હોય તોજ, પ્રેમ પારાવાર છે;
પરણ્યાથી સમજાય છે, પ્રેમ આ સંસાર છે,
લગ્ન લ્હાણ એ પણ, એક પ્રેમનો બજાર છે.

જયદ્રથ— ૧૮

શાને મન તું શોચ કરે,
વિધિ નિર્મિત ક્યાંથી ફરે! —શાને.
પ્રિયા પીયર ગઈ રોતી, શાલ્વ પુત્રી વાટ જોતી;
ત્રીજી વચમાં મળી રૂપાળી, તેને જોઇ કુમતિ ધારી—શાને.
સૃષ્ટિ સૌન્દર્યથી અનેરી, ભિન્ન ભિન્ન દીસે સોનેરી;
પરકીયા પ્રિયા તેં ધારી, શી સુજી આ મતિ નઠારી—શાને.

કોટિકાસ્ય— ૧૯

જો નસીબ આપે યારી, તો રંક બને અધિકારી;
કરું કળા હું કામણગારી, કન્યાને વશ કરનારી.
શાલ્વ નગરમાં જઇને મારું, ટાઢા પહોરની ગપ,
સિંધુરાજ હું જમાઈ તમારો, પોતે ખુદ જયદ્રથ;
કરો લગ્નની તૈયારી—કરું.
જમાઈ શાલ્વનો જાહેર થાતાં, બનીશ મોટો ભૂપ;
પાણી પી ઘર પૂછવાથી, સમજી થાશે ચૂપ;
જઇ વરું રાજકુમારી—કરું.

હેમલતા— ૨૦

જાણી જાણી જગની રીતિ જાણી, હું તો બહુ મુઝાણી,
એની નહિ થાઉં રાણી;
માતા મારી રાજથી લોભાણી, કોને કહું મુજ કહાણી,
તું છો સખી મુજ શાણી!
અંજાઇને કુળ લાજમાં, દે ગુણ હીણ ભરથાર;
ફુલસમ કુમળી પુત્રીને, ધરે અગ્નિ મોઝાર.

અંતરની અભિલાષાઓ, કન્યાની નવ જોશે,
સાસરે જઈ બિચારી, આખો ભવ તે રોશે;
જગમાં જાળ રૂઢીની પથરાણી, બાળા બહુ કચરાણી,
જીવતર કરે ધૂળધાણી—જાણી.

હેમલતા— **૨૧**

પરણીને પરાધીન થાવું, સાસરીયામાં જાવુંરે...સખી! (૨)
સ્વામી સલુણો હોય નહિ તો, ટાઢે છાંયે સુકાવુંરે...સખી! (૨)
પરણ્યા પહેલાં ચિત્ત હરે તો, સાકર દુધે ભેળાવું;
રસિક વર વિના દિન રાત્રિ, જોબનમાં કરમાવું–પરણીને.
પ્રેમ વિનાનું પરણવું એ, ભૂખ વિના જેમ ખાવું;
સ્વામિ સાથે મન વિનાનું, રાગ વિના જેવું ગાવું–પરણીને.
નણદલ વીરા હોય જો સારા, તો તો સૌહાગણ થાવું;
સરખે સરખી જોડ મળે તો, ગંગામાં જેમ ન્હાવું–પરણીને.

દુઃશીલા— **૨૨**

કોટિ ઉપાય કરો તોપણ, મનુષ્ય પ્રકૃતિ ફરે નહિ;
ભલે કુહાડે કાપો તોપણ, ઢળ્યા ઢાળા ચળે નહિ–કોટિ.
પૃથ્વી પડ ઉખેડો તોપણ, ઓસડ એનું જડે નહિ;
દુઃખના અમોઘ ઉલટે તોપણ, પડી ટેવ તે ટળે નહિ–કોટિ.
પ્રાણ પ્રકૃતિ મૃત્યુ સાથે, જાતાં અર્થ સરે નહિ;
કદાચ બે દિ સમે તોપણ, મૂળ પ્રકૃતિ મરે નહિ–કોટિ.

જયદ્રથ— **૨૩**

મારા દોષને વિસારી, ક્ષમા કરજે પ્રિયા!
આર્ય ધર્મને ધરી, ક્ષમા કરજે પ્રિયા!

કર્યો પ્રેમનો મેં ભંગ, નવ ચડ્યો તારો રંગ;
હું ભોગી થયો જોગી, રહ્યો એયથી વિયોગી—મારા.
કીમત તારી મેં ન આંકી, તારી શિખ નવસાંખી;
ગણ્યું કુંદન પિત્તળ, તાપ દેતાં અચળ—મારા.
તું ગુણનો ભંડાર, સમજે સંસાર સાર;
પતિવ્રતા તું ખરી, મેં શઠતા આદરી.
નાશ પાંડવનો કરવા પ્રતિજ્ઞા પ્રિયા!
મારા તપની કરીશ ન અવજ્ઞા પ્રિયા!—મારા.

હેમલતા— ૨૪

વિધિ અંકો લખતા ભૂલ્યા કે, કર્મ તણો આ ન્યાય છે!
જ્યાં ત્યાં જગમાં કર્યાં કજોડાં, એ મોટો અન્યાય છે—વિધિ.
અતિ મનોહર રૂપવતી બાળા, કંથ તેને વળી ગુણ હીણ કાળા;
કામિની કાળી ને કંથ રૂપાળા, એનું મન મુઝાય છે—વિધિ.
લક્ષ્મીવાનને વંધ્યા દીધી, અન્નના વાંધા ત્યાં સંતતિ કીધી;
એક બીજાનો ઉલટો વિધિ, બન્ને બહુ અકળાય છે—વિધિ.
નાગર વેલને નિષ્ફળ કીધી, અમર વેલ દીર્ઘાયુ કીધી;
રાજ અમલને અંધતા દીધી, અન્નયભી એ થાય છે!—વિધિ.

હેમલતા— ૨૫

નાજુક નેહ ભીના રસ યોગી, જોતાં કંઈ કંઈ થાય છે!
ઉંડા અંતરનો ઉપસાગર, ઉમળકે ઉભરાય છે.—નાજુક.
બળ્યું જોવાય નહિ, આંખોની કીકી સામે,
દિલ ખોલાય નહિ, દિલારામ સામે;
કંઇક બોલું! હૃદય ખોલું!
ઉરે એમ થાય છે, દિલ શરમાય છે.—નાજુક.

તરંગિની—　　　　　૨૬

મેં જાણ્યું જે આ ઘર મારું, પિયુ પ્રભુ સમાન;
આડી વાડીથી ઘર શોભાવ્યું, તેનું નથી ગુમાન—મને તો તેનું.
નામ પ્રમાણે બ્હાર બતાવ્યો, શ્રીમંતનો દમામ;
વૈતરું ઘરનું જાતે કરીને, રૂપ ખોયું તમામ.—મેં તો રૂપ.
સ્થિતિ પ્રમાણે સદા સંતોષી, માગ્યાં નહિ ઇનામ;
તો પણ માથે મેખ મારી, લાવ્યા આ અવસાન.—સ્વામી! લાવ્યા.

તરલા—　　　　　૨૭

હું તો પરણી છું (૩) નવાં નવાં નિત્ય પતિથી લેવા લ્હાણાં,
ત્યાં તો વાતે વાતે ઢંગ તમારા, જોતાં વાયા વ્હાણાં;

કોટિકાસ્ય—

નથી પૈસાનાં ઠેકાણાં, ક્યાંથી લાવું રાણી! લ્હાણાં.—હું તો.

તરલા—

મેં જાણ્યું જે કોડ મારા, પૂરા પૂરશે શાણા!
ત્યાં તો પરણી પહેલે આણે, જોઇ ઠાઠ પસ્તાણાં;

કોટિકાસ્ય—

ઘરમાં એક ઠીમ્પર, બે પાણા ખખડે ભાણાં.—હું તો.

તરલા—

હું માગીશ તે જોશે મુજને, નહિ થાય પરીયાણાં,
મન માન્યાં આભૂષણ પહેરી, હરશું ફરશું રાણા!

કોટિકાસ્ય—

ઠાલી ઠકરાઇનાં ઠકરાણાં, છાનાં વીણો છાણાં.—હું તો.

તરલા—ભાતભાતનાં મીઠાં ભોજન, જોશે મજાનાં ખાણાં,
મોજ માણવા પરણી છું, નથી આવી દળવા દાણા;

કેટિકાસ્ય—
લુખાં લાડને ખાઓ ખાસડાં, સંસારમાં સપડાણાં.—હું તો.

કેટિકાસ્ય— ૨૮

વાહવાહરે સલક્ષણાં નાર! તમે ઠીક બતાવી બ્હાર—વાહ.
મૂલ ખરચતાં મળે નહિ એવું, તમે તો છુપું રતન!
રાજનું ઘરેણું રાજમાં શોભે, પાછાં પધારો વતન.—વાહ.
હેમલતામાં પિત્તળ પાંગળ્યું, હસતું ને વળી હાણ!
છેતરબાજી સરખી રમાણી, મૂરતમાં મોંકાણ.—વાહ.

તરલા—લગ્નનાં ગીત રુડી રીતે ગવાણાં, હથેવાળે જ્યારે પરણી;
આંણાંના લ્હાણાં અહિં વહેંચાણા, હજી બાકી રહી છે અધરણી.—વાહ.

જયદ્રથ— ૨૯

કામે કળા પ્રસારી, જગતમાં કામે કળા પ્રસારી,
ચિંતવન એનું કરતાં ક્ષણ તો, તુરત કરે અસવારી.—જગતમાં.
સ્ત્રીનિંદાની વાતો કરતા, જોયા બહુ બ્રહ્મચારી;
મહામાયા મંત્ર મારે તો, બાવો બને ઘરબારી.—જગતમાં.
નિર્જન વનમાં યોગ સાધતા, બેઠા બહુ ફળાહારી;
મધુર ગાન રંભાના સુણતાં, જાગૃત થાય ખોંખારી.—જગતમાં.
ક્ષણ એક નજરે જોતાં એકાંતે, બુદ્ધિ બને વિકારી;
મહા મુનીશ્વર મોહ્યા પલકમાં, તો ક્યાંથી બચે સંસારી.—જગતમાં.

ઉત્તરા— ૩૦

પ્રીતમને પેખતાં મારા, હૃદયમાં આવે ઉછાળા,

અભિમન્યુ—

વિલાસોના ઉમંગોનાં, તરંગોમાં ઝૂલે બાળા.—પ્રીતમને.
પ્રીતિની વાંસળી વાગે, રસીલીનું હૃદય જાગે;
ઝૂલે છે આજ અનુરાગે, અધીરી વ્હાવરી બાળા.—પ્રીતમને.

ઉત્તરા—ઝીણાં ગાનો વીણા બોલે, જગત્ એ નાદમાં ડોલે;
ચડાવ્યું ચિત્ત ચકડોલે, તેં જાદુગર વીણાવાળા.—પ્રીતમને.

ઉત્તરા— **૩૧**

આવા દિવસો રહેશે ચિરકાળ!
સાંભરશે શું વ્હાલાને, વ્હાલીનાં વ્હાલ?

અભિમન્યુ—

કાલા કાલા બોલોથી, મારું હૈયું ન બાળ,
વિસરાયે કેમ અંતરથી આ વ્હાલીનું વ્હાલ.—આવા.
અંધકારે સૂર્ય છુપાય છે, પ્રારબ્ધ કેરા યોગથી,
પણ સ્મરણ તેને કમળનું, અંતર થકી ખસતું નથી;
વાદળ ચીરી અંધકારના, મળતો બીજે દિન હર્ષથી,
તેમ ભેદી કૌરવ વાદળો, મળશું પ્રિયા ઉત્કર્ષથી,
ઝીણું તારું સ્મરણ રહેશે સદાકાળ.—આવા.

પાંડવ-વિરાટ-દ્રુપદ-વગેરે:— **૩૨**

જયજય યદુપતિ! અર્પો સુમતિ,
હસ્તિનાપુર જઈ તમે;
કૌરવ કુળપતિ, ભીષ્મ મહારથી,
ટાળે ભાવિ આફતને.

બચાવો ભારત ધર્મોદ્ધારક! યુક્તિ પ્રયુક્તથી વૈર શમે;
સગાં સહોદર કરી અનાદર, એક બીજાના નહિ નમે–જયજય.
વિનાશ કાળે વિપરીત ભાળે, હિત વચન કદી નહિ ગમે;
સમસ્ત ભૂપતિ કરશે વિકૃતિ, કાળચક્ર ભલે સહુને દમે–જયજય.

વૃદ્ધક્ષત્ર— ૩૩

આખલ બ્રહ્માંડમાં, એક તું શ્રીહરિ!
જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવતું, તેજમાં તત્ત્વતું,
શૂન્યમાં શબ્દ થઈ વેદવાસે.
પવન તું પાણી તું, ભૂમિ તું ભૂધરા!
વૃક્ષ થઈ ફુલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એજ આશે–અખિલ.

(નરસિંહ મહેતો)

વૃદ્ધક્ષત્ર— ૩૪

દઉં આશિષ, વિજયવંત થઇશ,
ક્ષત્રિય ધર્મ કદી નવ ચૂકીશ–દઉં.
પગ પાછો કદી નવ ધરજે, પીઠ પાછળ ઘાથી નવ મરજે;
બાહુ બળથી રણ ગજવજે, વાહવાહ કહે એમ સંહરજે–દઉં.
છે નિશ્ચય એક દિન મરવું, તો પછી યુદ્ધથી નવ ડરવું;
રણમાં મરણ હોય શૂરવીરનું, સ્વર્ગે જવું થાય એ નરવરનું–દઉં.

અભિમન્યુ— ૩૫

છું અર્જુનનો બાલ, જાણો વિક્રાળ વ્યાલ,

આપું યુદ્ધમાં ખ્યાલ, ચક્ર વ્યૂહને હું તોડી;
મુજ માતા અપમાન, વેર વાળવાનું તાન,
લઇશ દુશ્મનોના જાન, ચક્ર વ્યૂહને હું ફોડી.
છ કોઠાનું છે જ્ઞાન, સાતમામાં જાય પ્રાણ,
તોય ખેંચીશ કમાન, કૌરવોની વચ્ચે દોડી;
વસ્ત્રાહરણ જવાળા થકી, ઉપજ્યો આ ઉત્પાત,
ચક્ર વ્યૂહને ભેદવાથી, કાકા થશે રળિયાત.—છું અર્જુનનો.

ઉત્તરા— ૩૬

મને મારીને રથને ખેડોરે, બાળા રાજારે;
કાં તો યુદ્ધમાં સાથે તેડોરે, બાળા રાજારે.

મને પારણું ઝૂલાવ્યાના કોડ રે– ,,માગું સ્વામી તમ સરખી હું જોડરે–,,
હું તો પાલવ પાથરી પાય લાગું રે– ,,નાથ! વિનવી વારવાર માગું રે–,,

અભિમન્યુ—

વિકટ વેળાએ આમ નવ છાજે, વીરાંગના બાળારે;
ઘોર નાદે સંગ્રામ પ્રિયા! ગાજે, વીરાંગના બાળારે.

પળમાં કૌરવ સંહારી પાછો આવું–વીરાં૦વીર હાકે સંગ્રામને ગજાવું–વીરાં.

ઉત્તરા—

મને સાથે સંગ્રામે લઈજાઓરે–બા૦નાથ! નમેરા આમ નહિ થાઓરે–બા૦
વિજય વાટડીએ સ્વામી સાથ આવુંરે,, વીર રમણીના નામને દીપાવુંરે–,,
લખ્યું હશે તો ભેળા થાશું રે–,, નહિ તો સ્વર્ગમાં સાથે જાશું રે.–,,

બંદીજનો

જય કલગા

નહિ તો વીરને અ

રાજમુગટ ! રણુ.

અધીરો થોડીલો થનગનં

વૃદ્ધક્ષત્ર—(વિમાનમાં બેસી સ્વર્ગે જાય,

અંતે ભાવિ પ્રબળતા, આવી ઉભી રહે હજાર

હોનહાર નહિ ચૂકે, ઉદ્યમ કરો ભલે તન મન ભોગ.

સમાપ્ત.

ક

,ા તેની

સાંજ પડતાં

. છે, ત્યારે આ

' ચારજ ટીપાં ચા

.. વાલુ સુવાસ આ

અર્ધા આઉંસની કાચના ખુ-

વાળી સીસીના રૂપીઆ બે અને એક

ડ્રામની સુંદર ટયુબના બાર આના.